# BUSINESS મિત્ર

**IT સેક્ટરમાં કડાકાથી સેન્સેક્સમાં 756 પોઇન્ટનો ઘટાડો પણ સ્મોલકેપ શેરોએ બજારની લાજ બચાવી**

# શેરબજારમાં ગાબડું, છતાં રોકાણકારો ન્યાલ

**એક** જ દિવસમાં રૂ.68,000 કરોડની કમાણી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 22:** છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનથી સતત પોઝિટિવ રહેલા ભારતીય શેરબજારમાં આજે વેચવાલીના દબાણે ઘટાડો નોંધાયો હતો. ખાસ કરીને આઈટી સેકટરના દબાણના પગલે શેરબજારમાં નરમાઈ જોવા મળી હતી. જોકે, સેન્સેક્સ-નિફ્ટીમાં ઘટાડા વચ્ચે રોકાણકારોની સંપત્તિમાં વધારો થયો હતો, રોકાણકારોએ ખરાબ બજારમાં પણ રૂ. 68000 કરોડની કમાણી કરી હતી.

ઈરાન અને અમેરિકા વચ્ચેની વાર્તાલાપ સમાપ્ત થઈ રહી હોવા છતાં અમેરિકાના ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધવિરામને અનિશ્ચિત સમય માટે લંબાવવાની જાહેરાત કરી હતી, જેણે બજારને ટેકો આપ્યો હતો. આ દરમ્યાન ટ્રમ્પે એવું પણ કહ્યું કે, જ્યાં સુધી વાટાઘાટો પુરો નહીં થાય ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ પર નાકાબંધી ચાલુ રહેશે. જેને ઈરાનને માન્ય ન હોવાનું જાણવા મળ્યું છે અને તેઓ એક તરફી વાર્તાલાપની વાત કરી હતી.

આજે ભારતીય શેરબજારમાં ઘટાડામાં સૌથી મોટું કારણ આઈટી સેકટર હતું. આજે આઈટી શેરોમાં ભારે કડાકો જોવાયો હતો. જે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 3.89 ટકા ઘટયો હતો. જે ઈન્ટ્રાડેમાં પાંચ ટકા જેટલો ઘટ્યો હતો. નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 0.50 ટકાથી વધુનો ઘટાડો થયો હતો, જ્યાર નિફ્ટી એફએમસીજી ઈન્ડેકસ અને નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ ઘટાડો રહ્યો હતો. આ બધાની વચ્ચે ઓવરઓલ સ્મોલકેપ શેરમાં થયેલા વધારાના આધારે બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 68 હજાર કરોડ વધ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 756.84 પોઈન્ટ એટલે કે 0.95 ટકા ઘટીને 78516.49 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 79000 પોઈન્ટની સપાટી કુદાવીને 79031 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78442 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 198.50 પોઈન્ટ એટલે કે 0.81 ટકા ઘટીને 24378.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 24400 પોઈન્ટની સપાટી તોડી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24515 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24352 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 247 પોઈન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 57124.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ડો. લાલ પેથલેબમાં 104.67 ગણા, ટોરેન્ટ પાવરમાં 9.08 ગણા, ટયુબ ઈન્વેસ્ટમેન્ટમાં 5.46 ગણા, ગોદરેજ કન્ઝયુમરમાં 5.45 ગણા, એચસીએલ ટેકનોમાં 4.55 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે અમરરાજા એનર્જીમાં 50.99 ગણા, એચસીએલ ટેકનોમાં 8.38 ગણા, પાઈન લેબ્સમાં 5.72 ગણા, એકસાઈડ ઈન્ડ.માં 5.61 ગણા, જયુબીલન્ટ ઈન્ગ્રીવામાં 5.57 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટે ફ્રન્ટલાઈન શેરોને પાછળ છોડી દીધા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.29 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.90 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2452 શેરો વધ્યા હતા, જ્યારે 2834 શેરો ઘટયા હતા, જ્યારે 157 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફયુચર 261 પોઈન્ટ વધ્યો હતો, જે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપે છે. આજરોજ ઈરાન યુદ્ધ શરૂ થયા પછીના સમયગાળાને આવરી લેતા યુકેના પ્રથમ ફુગાવાના દર જહારે થયા બાદ યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. ડેટા દર્શાવે છે કે, જે 3 ટકાથી વધીને 3.3 ટકા પર પહોંચી ગયો છે. જ્યારે ઈરાન-અમેરિકા યુદ્ધની શાંતિ વાટાઘાટાનો રોકાણકારોએ મુલ્યાંકન કરતા આજે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ સપાટ, કેક 0.22 ટકા અને ડેક્સ 0.14 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.30 ટકા, તાઈવાન 0.72 ટકા, કોસ્પી 0.46 ટકા અને શાંઘાઈ 0.52 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્થા 0.24 ટકા, સ્ટ્રેઈટસ 0.24 ટકા અને હેંગસેંગ 0.90 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.




## ડોલરમાં વધુ ઉછાળો, 29 પૈસા વધ્યો

ઇરાન-અમેરિકા શાંતિમંત્રણાના પરિણામ નહીં આવતા ડોલરમાં વધુ મજબૂતાઇ જોવા મળી હતી. જેમાં રૂપિયો વધુ તૂટયો હતો અને ડોલરની સામે રૂપિયો 29 પૈસા તૂટીને 93.79ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.50ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.35, પાઉન્ડ 126.75, કેનેડિયન ડોલર 68.46, ઓસ્ટ્રેલિયન ડોલર 67.53, જાપાનીઝ યેન 0.5892 અને સીંગાપોર ડોલર 73.85ના સ્તરે બંધ રહ્યા હતા.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 93.79 રૂ. |
| યુરો | 110.35 રૂ. |
| પાઉન્ડ | 126.75 રૂ. |
| યેન | 0.5892 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -756.84 | 78516.49 |
| નિફ્ટી | -198.50 | 24378.10 |
| બેન્ક નિફ્ટી | -247.00 | 57124.45 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝ્યુમર | 3.20 | 1178.60 |
| એચયુએલ | 2.51 | 2368.80 |
| એનટીપીસી | 2.32 | 405.40 |
| હિન્દાલ્કો | 1.79 | 1039.90 |
| ટીએમપીવી | 1.67 | 361.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 10.82 | 1285.30 |
| ઇન્ફોસીસ | 3.40 | 1268.60 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.01 | 3149.70 |
| ટીસીએસ | 2.76 | 2538.50 |
| ટેક મહિન્દ્રા | 2.55 | 1462.20 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 2.56 | 2364.35 |
| એનટીપીસી | 2.40 | 405.60 |
| ઇટર્નલ | 1.39 | 262.95 |
| ટ્રેન્ટ | 0.96 | 4435.60 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.94 | 12145.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 10.85 | 1285.20 |
| ઇન્ફોસીસ | 3.40 | 1268.45 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.99 | 3150.10 |
| ટીસીએસ | 2.80 | 2537.55 |
| ટેક મહિન્દ્રા | 2.50 | 1462.85 |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૩૭૦ |
| તેજાબી સોનું | ૧૫૬૨૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૫૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૨૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૩૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૪૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૬૩૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

### સુડોકુ - ૭૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૯ | | | ૪ | | |
| ૮ | | | | ૨ | | | | |
| | | ૩ | | ૮ | ૬ | ૧ | | ૫ |
| | | | | | | ૬ | ૩ | |
| | ૨ | ૫ | | ૯ | | | | ૪ |
| | | ૪ | ૮ | ૬ | | ૫ | | |
| ૨ | ૫ | ૮ | ૧ | ૩ | | ૭ | ૪ | ૬ |
| ૩ | ૧ | | | ૪ | ૫ | | ૮ | |
| ૪ | ૯ | | ૨ | ૭ | ૮ | ૩ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

**સુડોકુ-૭૦૯૩ ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૯ | ૧ | ૩ | ૪ | ૭ | ૮ |
| ૮ | ૭ | ૧ | ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૩ |
| ૯ | ૪ | ૩ | ૭ | ૮ | ૬ | ૧ | ૨ | ૫ |
| ૭ | ૮ | ૯ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૨ |
| ૬ | ૨ | ૫ | ૩ | ૯ | ૭ | ૮ | ૧ | ૪ |
| ૧ | ૩ | ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૯ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૧ | ૩ | ૯ | ૭ | ૪ | ૬ |
| ૩ | ૧ | ૭ | ૬ | ૪ | ૫ | ૨ | ૮ | ૯ |
| ૪ | ૯ | ૬ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | ૧ |

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**શતપુષ્પા (સૂવા) કલ્પ**

સૂવા (ચૂર્ણ) રોજ સવારે દશ ગ્રામ થી લઈ ચાળીસ ગ્રામ વ્યક્તિની શક્તિ અનુસાર લઈ શકાય છે. ઘી સાથે ચૂર્ણ લેવું. ભોજનમાં ફક્ત દૂધ ચોખા ખાવા. સ્ત્રી, પુરુષ બન્ને માટે આ પ્રયોગ ઉપયોગી છે. વંધ્યત્વ દૂર કરી શકે છે.

### શબ્દગુંફન - ૭૨૦૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. કેસરી ફૂલોવાળું એક ઝાડ (૪)
૪. એક કઠોળ (૨)
૬. પાલવ, છેડો (૩)
૮. ચાલ, ઝડપ (૨)
૯. શૂરવીર (૪)
૧૧. ચાલવું તે, ગતિ (૩)
૧૨. આકાશ, ગગન (૨)
૧૩. ચર્ચા (૨)
૧૪. દૂધ દેતું એક ચોપગું પશુ (૨)
૧૫. કૃપા દાખવવાપણું (૫)
૧૮. જમીન, ધરતી (૨)
૨૦. વિષ, ઝેર (૨)
૨૨. અસલથી ચાલ્યું આવતું (૪)
૨૬. રાત્રિ (૩)
૨૮. ઈશ્વરકૃપા (૪)
૩૦. એક રાશિ (૩)
૩૨. ઋતુ (૨)
૩૩. સમાચાર (૩)
૩૫. તંગદિલી, ચિંતા (૩)
૩૬. દૂધ - ભાતની એક મીઠી વાની (૨)

**ઊભી ચાવી**

૧. શિક્ષક (૨)
૨. આગેવાન (૩)
૩. હિંમત (૨)
૫. આકાશમાં જનારું (૫)
૬. કિંમત, મૂલ્ય (૨)
૭. રોકડું (૩)
૯. મરે નહિ એવું (૩)
૧૦. ખલાસ, સમાપ્ત (૩)
૧૩. મુરબ્બી, રક્ષક (૨)
૧૬. બીક, ડર (૩)
૧૭. દિવસ (૨)
૧૮. વેરાન, ઉજ્જડ (૩)
૧૯. રગ, રક્તવાહિની (૨)
૨૧. એક ગ્રહ (૨)
૨૩. સુકુમાર, સુંવાળું (૩)
૨૪. પર્વત (૨)
૨૫. મશ્કરી (૩)
૨૭. ઉત્તર (૩)
૨૯. અવાજ વિનાનું (૩)
૩૦. પૃથ્વી (૨)
૩૧. લીન, આસક્ત (૨)
૩૩. ગધેડો (૨)
૩૪. સુંદર સ્ત્રી (૨)

**શબ્દગુંફન - ૭૨૦૧ ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુ | લ | મો | ર | ■ | હા | ■ | મ | ગ | ■ |
| રુ | ■ | વ | ■ | દ | મ | ન | ■ | ગ | તિ |
| ■ | અ | ડી | ખ | મ | ■ | ગ | મ | ન | ■ |
| વ્યો | મ | ■ | ત | ■ | વા | દ | ■ | ગા | ય |
| ■ | ર | હે | મ | દિ | લી | ■ | ભૂ | મી | ■ |
| ન | ■ | બ | ■ | ન | ■ | વ | ખ | ■ | શ |
| સ | ના | ત | ન | ■ | ગ | ■ | ર | જ | નિ |
| ■ | જુ | ■ | ગ | ની | મ | ત | ■ | વા | ■ |
| મ | ક | ર | ■ | ર | ત | ■ | ખ | બ | ર |
| હી | ■ | ત | ના | વ | ■ | ખી | ર | ■ | મા |

### આજનું પંચાંગ

**તા. 23/04/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** સુદ સાતમ: 20:50, ગંગા સપ્તમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 03
**યોગ :** ધૃતિ **કરણ:** ગર **નક્ષત્ર :** પુનર્વસુ:20:58 **રાશિ:** મિથુન (ક.છ.ઘ.) 15:15 પછી કર્ક (ડ.હ.) **દિવસ :** શુભ ગંગોત્પત્તિ, ગંગાપૂજન, ગુરુપુષ્યામૃત સિદ્ધિ યોગ: 20:58થી
**સુરતમાં સૂર્યોદય :** 06:15 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:59
**નવકારસી :** 07:03
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

### આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મહત્ત્વના કામ પાર પડે. ઉત્સાહજનક સમાચાર મળે. વિદ્યાભ્યાસ અને ટેકનોલોજીને સંલગ્ન લોકોને ભાગ્યનો સાથ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉઘરાણી આવી શકે છે. વારસાના કામમાં ગતિ આવે. સંતાનો માટે યોજના બને. આવક વધે.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરી-ધંધાર્થે પ્રવાસનો હેતુ પાર પડે. સમાજમાં માન વધે. શુભ સમાચાર મળે. ધાર્મિક પ્રવાસ થાય.

**કર્ક (ડ,હ,):** સમાજસેવાથી શાંતિ મળે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી. ખર્ચા વધશે.

**સિંહ (મ,ટ,):** સંતાન જીવનસાથી અને મિત્રો સાથે મનોરંજન થાય. આવક વધારવાની યોજના બને. નવાં કામ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં નવી તક ઊભી થાય. ઉપરી વર્ગનો સાથ મળે. વડીલો સાથે સામાજિક પ્રવૃત્તિથી યશ મળે.

**તુલા (ર,ત,):** સાહિત્ય લેખન, પ્રકાશન, પ્રવાસ પર્યટન, શિક્ષણ, કાયદાકાનૂનને લગતા કામમાં પ્રગતિ થાય. મિત્રોનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** પડવા-વાગવાથી સાવધાન, માનસિક અશાંતિ સતાવે. વારસા અને નોકરી બાબતે અશાંતિ સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવા વાહન ઘર, મકાન બાબતે પ્રગતિ થાય. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે. સમાજમાં તાલમેળ રાખવો.

**મકર (ખ,જ,):** આંખ-પાચનતંત્ર અને માથાના દુખાવાની ફરિયાદ રહે. ખર્ચા વધશે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ક્રિએટીવ અને રચનાત્મક પ્રવૃત્તિ થાય. સંતાનોનાં કામમાં મદદ મળે. રંગીન મિત્રોની મુલાકાત થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** બહારના કામ પાર પડે. શુભ સમાચાર મળે. આવક વધારવાની યોજનામાં વડીલોનો સાથ.

### કોઈ પણ સાલમાં 23 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-દંધા-વ્યવસાયમાં નવી તકો ઊભી થાય. પ્રમોશન અને પગારવધારો થઇ શકે છે. ધંધામાં આવક વધે. નવા રોકાણ થાય. ઉઘરાણી આવે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં યશ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. પરિવાર વગેરેમાં અશાંતિ સતાવે. ઉધારી બાબતે સભાન રહેવું. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ , કચેરીમાં અનુકૂળતા રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદ્યાર્થીઓની મહેનત ફળે. વિદેશના કામમાં ગતિ આવે. વારસા જાયદાદ, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોની મદદ મળે. કાયદા સમાજ જેવા કામમાં વડીલો મદદરૂપ બને. આરોગ્ય સામાન્ય રહે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખે નવાં કામ કરવાં લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ, શનિવાર, 7, 16, 25 તારીખે. નવાં કામ ટાળવાં. કાળો લાલ રંગ વાપરવો નહીં. બુધનાં ઉપાયો કરતા રહેવું.

# રિયલ એસ્ટેટમાં તેજીનો કરંટ

**વર્ષ** 2025માં રૂ.54,818 કરોડના ખર્ચે 3093 એકર જમીનના સોદા; રહેણાંક પ્રોજેક્ટ્સ ડેવલપર્સની પહેલી પસંદ

નવી દિલ્હી, તા. 22: ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરે 2025 દરમિયાન જમીન સંપાદનમાં વાર્ષિક ધોરણે 32 ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાવી છે. જેએલએલના રિપોર્ટ અનુસાર, ડેવલપર્સે 149 સોદા દ્વારા 3093 એકર જમીન ખરીદી હતી, જેની કુલ કિંમત 54818 કરોડ રૂપિયા છે.

જેએલએલના રિપોર્ટ અનુસાર, ખરીદેલી જમીન પર આગામી 2થી 5 વર્ષમાં લગભગ 229 મિલિયન ચોરસ ફૂટ બાંધકામ શક્ય છે. આ સ્થાવર મિલકત ક્ષેત્રમાં મજબૂત માંગ અને વિકાસકર્તાઓના આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

રિપોર્ટમાં રોકાણના અસંતુલન પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. ટિયર-1 શહેરોમાં કુલ રોકાણમાં 89 ટકા હિસ્સો છે, જ્યારે જમીનનો હિસ્સો માત્ર 52 ટકા છે. તે સ્પષ્ટ છે કે મોટા શહેરોમાં જમીન મોંઘી છે અને રોકાણ વધુ કેન્દ્રિત છે.

તેનાથી વિપરીત, ટાયર -2 શહેરોમાં જમીનના સોદામાં 48 ટકા હિસ્સો હતો, પરંતુ માત્ર 11 ટકા રોકાણ મળ્યું હતું. આ સૂચવે છે કે આ શહેરોમાં જમીન પ્રમાણમાં સસ્તી છે અને ભાવિ વિકાસની સંભાવનાઓ વધારે છે.

જોકે, આ ગતિ 2026ની શરૂઆતમાં પણ ચાલુ રહી છે. પ્રથમ ક્વાર્ટરમાં જ મોટા બજારોમાં લગભગ 900 એકર જમીન ખરીદવામાં આવી હતી, જેની કિંમત લગભગ 18000 કરોડ રૂપિયા હતી. રિપોર્ટ અનુસાર, સૌથી મોટો જમીન સોદો મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં થયો હતો, જ્યાં 11 એકર જમીન 5400 કરોડ રૂપિયામાં ખરીદવામાં આવી હતી.

આ જમીનો પર પ્રોજેક્ટ વિકસાવવા માટે રૂ. 92000 કરોડથી વધુના રોકાણની જરૂર પડશે. એક્સટર્નલ ફંડિંગનો હિસ્સો 52000 કરોડ રૂપિયાથી વધુ હોઈ શકે છે, જેનાથી એઆઈએફ, પ્રાઈવેટ ક્રેડિટ કંપનીઓ અને મોટા રોકાણકારોની ભાગીદારીમાં વધારો થવાની સંભાવના છે. આગામી પ્રોજેક્ટ્સમાં લગભગ 89 ટકા મૂડીનું રોકાણ ટાયર -1 શહેરોમાં કરવામાં આવશે, કારણ કે આ વિસ્તારોમાં પ્રીમિયમ રિયલ એસ્ટેટની માંગ વધારે છે અને પ્રોજેક્ટ ખર્ચ પણ વધારે છે. રહેણાંક પ્રોજેક્ટ્સ આ ક્ષેત્રની સૌથી મોટી તાકાત છે. કુલ જમીનના 78 ટકા જમીનનો ઉપયોગ આ હેતુ માટે કરવામાં આવ્યો હતો અને કુલ ભંડોળના લગભગ 76 ટકા ભંડોળનું રોકાણ પણ આમાં કરવામાં આવ્યું હતું. બાંધકામ ખર્ચ 72,000 કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. જોકે ઓફિસની માગ યથાવત રહી છે.

ચેન્નાઈ, મુંબઈ, બેંગલુરૂ અને પુણે જેવા શહેરોમાં વ્યક્તિગત વિક્રેતાઓ વધુ સક્રિય હતા, જ્યારે હૈદરાબાદમાં કોર્પોરેટ કંપનીઓ આગળ હતી. તે જ સમયે, દિલ્હી-એનસીઆરમાં મોટાભાગના સોદા સરકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યા હતા.

# ટેક્સટાઈલ સેક્ટરમાં તેજીની લહેર

**કાપડ** નિકાસ રૂ.3.16 લાખ કરોડને પાર

નવી દિલ્હી, તા. 22: ભારતના કાપડ નિકાસ ક્ષેત્રે નાણાકીય વર્ષ 2025-26માં વૈશ્વિક બજારોમાં 2.1 ટકાની વૃદ્ધિ નોંધાવીને સ્થિર પ્રદર્શન નોંધાવ્યું છે. કાપડ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કુલ નિકાસ વધીને 3,16,334.9 કરોડ રૂપિયા થઈ છે, જે અગાઉના નાણાકીય વર્ષ 2024-25માં રૂ. 3.09 લાખ કરોડને વટાવી દીધી હતી. આ વૃદ્ધિ વૈશ્વિક માંગની તાકાત અને ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મક તાકાતને દર્શાવે છે.

રેડીમેડ ગાર્મેન્ટ્સ નિકાસમાં મુખ્ય યોગદાન આપનાર રહ્યું છે, જે 2.9 ટકા વધીને રૂ. 1,39,349.6 કરોડ પર પહોંચ્યું છે. સુતરાઉ યાર્ન, ફેબ્રિક, મેડ-અપ્સ અને હેન્ડલૂમ ઉત્પાદનો 0.4 ટકા વધીને રૂ. 1,02,399.7 કરોડ થયા છે. બીજી તરફ, માનવસર્જિત કાપડ 3.6 ટકાની વૃદ્ધિ સાથે રૂ. 42,687.8 કરોડને સ્પર્શ્યું હતું.

મૂલ્યવર્ધિત કેટેગરીમાં, હસ્તકલા સૌથી ઝડપથી વિકસતું ક્ષેત્ર હતું, જે 6.1 ટકાની વૃદ્ધિ નોંધાવીને રૂ. 15,855.1 કરોડ સુધી પહોંચ્યું હતું.

નિકાસના સંદર્ભમાં ભારતે તેના બજારોનો વ્યાપ પણ વધાર્યો છે. એપ્રિલ 2025 અને ફેબ્રુઆરી 2026 વચ્ચે 120થી વધુ દેશોની નિકાસમાં વધારો જોવા મળ્યો હતો. યુએઈ, યુકે, જર્મની, સ્પેન, જાપાન અને કેટલાક આફ્રિકન દેશોમાં માંગમાં વધારો એ સંકેત છે કે ભારતનો નિકાસ આધાર વધુ વૈવિધ્યસભર બની રહ્યો છે. જોકે, નિકાસ વૃદ્ધિમાં સરકારની નીતિ અને યોજનાઓ ચાલુ રહેવાનો લાભ થયો હતો. જ્યારે યુરોપિયન ફ્રી ટ્રેડ, યુકે, ઓમાન અને ન્યુઝીલેન્ડ સાથેના વેપાર કરારો તથા ઈયુ કરારની પ્રગતિ આગામી સમયમાં નિકાસને વધુ વેગ આપે તેવો આશાવાદ છે.

# જેપી એસોસિએટ્સ માટે અદાણી vs વેદાંતા

**કોર્પોરેટ** જાયન્ટ્સની કાનૂની લડાઈ હવે નિર્ણાયક વળાંકે

**વેદાંતાની** વધુ રકમની ઓફર છતાં અદાણીની બીડ કેમ સ્વીકારાઈ? NCLATએ ચુકાદો અનામત રાખ્યો

નવી દિલ્હી, તા. 22: દેવામાં ડૂબેલી કંપની જેપી એસોસિએટ્સ લિમિટેડના હસ્તાંતરણને લઈને કોર્પોરેટ જાયન્ટ અદાણી અને વેદાન્તા વચ્ચે કાનૂની લડાઈ હવે નિર્ણાયક તબક્કે પહોંચી ગઈ છે. એનસીએલએટીએ આજેવેદાંતા ગ્રુપ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. ભૂતકાળમાં વેદાંતાએ અદાણી એન્ટરપ્રાઈઝની બીડની પસંદગીના નિર્ણયને પડકાર્યો હતો.

ચેરમેન જસ્ટિસ અશોક ભૂષણ અને ટેકનિકલ મેમ્બર બરૂન મિત્રાની બે જજોની બેન્ચે આ મામલામાં મેરેથોન સુનાવણી પૂર્ણ કરી હતી. સુનાવણી દરમિયાન વેદાંતા, રિઝોલ્યુશન પ્રોફેશનલ, કમિટી ઓફ ક્રેડિટર્સ અને અદાણી એન્ટરપ્રાઈઝના વકીલોએ તેમની દલીલો રજૂ કરી હતી. ટ્રિબ્યુનલે હવે બંને પક્ષોને આગામી બે દિવસમાં તેમની લેખિત દલીલો રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

સલાહકારે જેપી એસોસિએટ્સના લેણદારો દ્વારા અપનાવવામાં આવેલા મૂલ્યાંકન ધોરણો અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા હતા. તેમણે દલીલ કરી હતી કે વેદાન્તાએ જેપી એસો. માટે 17926 કરોડ રૂપિયાની બોલી લગાવી હતી. તે જ સમયે, અદાણી એન્ટરપ્રાઈઝે રૂ. 14535 કરોડની બોલી લગાવી હતી. વેદાન્તાએ આરોપ લગાવ્યો છે કે ઊંચી કિંમતની ઓફર કરવા છતાં તેમની બોલી નકારી કાઢવી અને અદાણીની ઓછી બોલી પસંદ કરવી એ તર્કસંગત નથી.

બીજી બાજુ, લેણદારોની સમિતિએ પોતાનો બચાવ કર્યો હતો.. સીઓસીએ જણાવ્યું હતું કે આ સમગ્ર પ્રક્રિયા ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ નિયમોના દાયરામાં કરવામાં આવી છે. તેમનું કહેવું છે કે કોઈ પણ બોલી લગાવનારને માત્ર સૌથી વધુ કિંમતના આધારે જીતવાનો બાંયધરીકૃત અધિકાર નથી.

લેણદારોએ દલીલ કરી હતી કે કોઈપણ પુનરૂત્થાન યોજનાનું મૂલ્યાંકન ઘણા પરિબળો પર કરવામાં આવે છે. તે ત્વરિત રોકડ, યોજનાની વ્યવહારિકતા, ભાવિ કાર્યક્ષમતા અને અમલીકરણની સંભાવના જુએ છે, માત્ર મોટી રકમ જ નહીં. અદાણી એન્ટરપ્રાઈઝને મતદાન પ્રક્રિયામાં 89 ટકા લેણદારોનું સમર્થન હતું, જ્યારે દાલમિયા સિમેન્ટ અને વેદાન્તા અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે હતા.

# ઈરાન યુદ્ધની અનિશ્ચિતતા વચ્ચે અમેરિકી શેરબજારમાં તેજી

**બ્રેન્ટ** ક્રૂડ 100 ડોલરને પાર

**એસ** એન્ડ પી 500 ઈન્ડેક્સ 0.9 ટકા વધીને તેની ઓલ-ટાઇમ ઉચ્ચ સપાટી નજીક પહોંચ્યો

**ડાઉ** જોન્સમાં 423 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો

ન્યૂયોર્ક, તા. 22 (એપી): ઈરાન સાથેના યુદ્ધને લીધે સર્જાયેલી અનિશ્ચિતતા છતાં, અમેરિકી શેરબજાર બુધવારે મજબૂત ઉછાળા સાથે નવા રેકોર્ડ તરફ આગળ વધ્યું હતું. જીઈ વર્નોવા અને બોસ્ટન સાયન્ટિફિક જેવી અગ્રણી કંપનીઓના અપેક્ષા કરતા સારા નફાના અહેવાલોને પગલે રોકાણકારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

એસ એન્ડ પી 500 ઈન્ડેક્સ 0.9 ટકા વધીને તેના ઓલ-ટાઈમ હાઈ સ્તરની નજીક પહોંચ્યો હતો, જ્યારે ડાઉ જોન્સમાં 423 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજીના વધતા વ્યાપને કારણે જીઈ વર્નોવા જેવી કંપનીઓના ઓર્ડરમાં મોટો વધારો થયો છે, જેનાથી શેરબજારને વેગ મળ્યો છે.

બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલની કિંમત 1.7% વધીને 100.16 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં ઈરાન દ્વારા ત્રણ જહાજો પર કરાયેલા ફાયરિંગ અને બે જહાજો કબજે કરવાની ઘટનાએ વૈશ્વિક તેલ પુરવઠા સામે જોખમ ઊભું કર્યું છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી તેલના ભાવ 70 થી વધીને 100 ડોલર સુધી પહોંચી ગયા છે.

જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 0.4% વધ્યો હતો, જ્યારે હોંગકોંગના હેંગસેંગમાં 1.2%નો ઘટાડો નોંધાયો હતો. અમેરિકામાં 'બેસ્ટ બાય'ના સીઈઓ કોરી બેરીના રાજીનામાને પગલે તેના શેરમાં 4.5%નો ઘટાડો થયો હતો. ટ્રેઝરી યીલ્ડમાં પણ થોડો ઘટાડો જોવા મળ્યો હતો, કારણ કે ફેડરલ રિઝર્વના સંભવિત ચેરમેન કેવિન વોર્શે વ્યાજદરમાં ઘટાડા અંગે કોઈ મક્કમ ખાતરી આપી નથી.

# ગેસની ચિંતા છોડો, ઈન્ડક્શન થશે સસ્તું

**સરકાર** કસ્ટમ ડ્યુટી અને GST ઘટાડવા પર કરી રહી છે વિચારણા

**હોર્મુઝમાં** અવરોધના કારણે રાંધણ ગેસના પુરવઠા પર અસર થતા લોકોમાં ઇન્ડક્શન હીટરની માગ વધી છે

**વાણિજ્ય** મંત્રાલયે ઇન્ડક્શન કૂકટોપ પરનો વેરો 18 ટકાથી ઘટાડી 5 ટકા કરવા ભલામણ કરી

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે દરિયાઈ માર્ગો ખોરવાતા અને રાંધણ ગેસના પુરવઠા પર અસર પડતા ભારત સરકાર એક્શન મોડમાં આવી છે. ગેસના વિકલ્પ તરીકે ઇન્ડક્શન કૂકટોપની વધતી માગને જોતા અને તેની વધતી કિંમતોને અંકુશમાં રાખવા માટે સરકાર તેના મહત્વના ઘટકો પરની કસ્ટમ ડ્યુટી ઘટાડવા પર વિચારણા કરી રહી છે.

આ ઉપરાંત, વાણિજ્ય મંત્રાલયે ઈન્ડક્શન કૂકટોપ પરનો જીએસટી 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવાની પણ ભલામણ કરી છે જેથી તે સામાન્ય લોકો માટે સસ્તું બની શકે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર ખોરવાતા લોકોમાં ગેસની અછતનો ડર પેઠો છે, જેના કારણે ઈન્ડક્શન હીટરની ખરીદીમાં ભારે ઉછાળો આવ્યો છે. આ માગને પહોંચી વળવા માટે ઉદ્યોગો અને આંતરિક વેપારને પ્રોત્સાહન માટેના વિભાગે (ડીપીઆઈઆઈટી) ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી છે. સરકારે ઈલેક્ટ્રિકલ એપ્લાયન્સીસ માટેના ફરજિયાત ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર (ક્યુસીઓ)ના અમલીકરણની સમયમર્યાદા પણ ઓક્ટોબર 2026 સુધી લંબાવી દીધી છે.

ડીપીઆઈઆઈટીના સંયુક્ત સચિવ નિધિ કેસરવાણીએ જણાવ્યું કે, બળતણ અને ગેસનો પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે પણ અનેક પગલાં લેવાયા છે. પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોસિવ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન (પીઈએસઓ) દ્વારા માર્ચથી અત્યાર સુધીમાં સીએનજી અને બાયોગેસ સ્ટેશનો માટેની 467 અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.